ઘરવેરા વિભાગ(મધ્ય)

તા:-૦૩/૦૩/૨૦૨૫

# પ્રેસનોટ

ઘરવેરાની કાર્પેટ એરિયા કરપદ્ધતિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧લી એપ્રિલ થી ૩જી માર્ચ સુધીમાં કુલ ૧૯૬૨૯૨ કરદાતાઓ પાસેથી કુલ રૂ.૧૫૦ કરોડની વિક્રમી વેરા વસુલાત થયેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઘરવેરાની કાર્પેટ પદ્ધતિમાં આકર્ષક "વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ" 2.0 (OTIS 2.0) જાહેર કરાયેલ છે. જે અંતર્ગત કુલ ૮૨૭૪ કરદાતાઓ આ યોજનામાં જોડાયા છે જે પૈકી કુલ ૬૭૧૦ કરદાતાઓ દ્વારા આ યોજનાનો લાભ લઈ રૂ.૩.૯૪ કરોડનો વેરો ભરપાઈ કરેલ છે. આ યોજના અંતર્ગત.........

- ઘરવેરાના કુલ બાકી રકમનાં એકસરખા પાંચ (૫) હપ્તા પાછલા વ્યાજ સહિત કરી આપવામાં આવશે.
- આ યોજના ફક્ત તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી જ અમલમાં રહેશે.
- આ યોજનામાં જોડાવાથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું ચડત થયેલ ચાલુ વ્યાજ માફ કરવામાં આવશે.
- ત્યારબાદ આગામી ૪ વર્ષોમાં પ્રત્યેક વર્ષે એક હપ્તા સાથે જે-તે વર્ષની ચાલુ બાકી વેરાની રકમ ભરપાઈ કરવાની રહેશે.
- આગામી ૪ વર્ષોમાં પણ નિયમિત હપ્તાની રકમ ભરપાઈ કર્યેથી જે-તે વર્ષે વ્યાજ તથા નોટીસ ફી ચડત થશે નહિ.
- આ હપ્તાની નિયત થયેલ રકમ તથા જે તે ચાલુ વર્ષની રકમ સંપૂર્ણ વર્ષ દરમિયાન ભરપાઈ કરી શકાશે.

ચાલુ નાણાકીય વર્ષના અંતિમ માસમાં પણ વેરો ભરપાઈ કરવાનો બાકી હોઈ તેવી મિલકતોમાં ટાંચ / સીલ તથા વોટર કનેક્શન કાપવા અંગેની કામગીરી હાલ ગતિમાં મિલ્કત વેરાના બાકીદારોને સત્વરે મિલ્કત વેરો ભરપાઈ કરવા આથી અનુરોધ કરવામાં આવે છે.

૦૩/૦૩

સુપ્રિટેન્ડેન્ટ
ઘરવેરા વિભાગ (મધ્ય)
ભાવનગર મહાનગરપાલિકા

---

પ્રતિ
માન.તંત્રી મહોદયશ્રી,

---

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં લોકહિતાર્થે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી છે.

જનસંપર્ક અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા